
જ્ઞાતિમૈયા
જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર
SAMAST MAHAJAN MEDIA COMMITTEE
ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૩ • તા.૨૬ ઓક્ટોબર થી ૧ નવેમ્બર ૨૦૨૪
**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# નલિયા મધ્યે ભવ્યાતિભવ્ય




# મુમુક્ષુ કુ. જિનલબેનનો વરસીદાનનો વરઘોડો નીકળ્યો



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
happy Diwali
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પર્વોમાં મહાપર્વ દીપાવલી

દિવાળી અમાસના, અંધકારમાં આવતો તહેવાર છે. છતાં સૌના હૈયામાં ઉત્સાહ ઉલ્હાસ, ઉમંગના અજવાસ પથરાય છે. દિવાળીએ એક દિવસનો તહેવાર નથી. એક સાથે સળંગ પાંચ દિવસ પાંચ તહેવાર પર્વનો સમૂહ મહાપર્વ છે. એકાદશી વાકબારસ, ધનતેરસ, કાળી ચોદશ અને દિવાળી. આમ પંચક વર્ષનો ઝૂમખો એટલે દીપોત્સવી મહાપર્વ.

દિવાળી હિંદુ ધર્મ, સંસ્કૃતિનો મોટો તહેવાર છે. ચૌદ વરસના વનવાસ પછી રાવણ વધ કરી અયોધ્યા પાછા આવ્યા. આ ખુશાલીમાં અયોધ્યા વાસીઓ ઘરઘરમાં આંગણ, ચોક, ગલી રસ્તાઓમાં તોરણ-પતાકા, ધજા લહેરાવી અને દીપ પ્રગટાવી ખુશીનો ભાવ વ્યક્ત કર્યો. આતશબાજી કરી રાતના અંધકારને અજવાળી. આ પરંપરા આજ પર્યંત જળવાઈ રહી છે.

દિવાળી વિક્રમ સંવતના આખરે આવતો તહેવાર છે. છતાં ખુશી, આનંદ અને હર્ષ વ્યક્ત કરી ઉજવાતો તહેવાર છે. દિવાળીના બીજા દિવસે નવા વિક્રમ સંવત વર્ષની શરૂઆત થાય છે. નવો વરસ નવી ઉમંગ, નવ આશા સાથે વીતે એવી શ્રધ્ધા વ્યક્ત થતી હોય છે. દિવાળી પર્વમાં ગણેશજી, માતા સરસ્વતી અને મહાલક્ષ્મીનું પૂજન કરવાની પરંપરા છે. લેખક, સાહિત્ય કારો, વિદ્યાર્થીઓ માતા સરસ્વતીની આરાધના કરે છે. વ્યાપારીઓ ચોપડાપૂજન દ્વારા શારદામાતાની, ધનપૂજન કરી મહાલક્ષ્મીની ભક્તિ કરી આશીષ વાંછના કરે છે. પ્રત્યેક સંસારિક પરિવારિક વ્યક્તિ રિદ્ધિ-સિદ્ધિ, સુખ શાંતિ આરોગ્યની કામના કરે એ સહજ છે. આખું વરસ સુખરૂપ વીતે એવી ઈચ્છા ધરાવે છે.

પરિવાર વડીલો દિવાળી પર્વને ઉત્સવની જેમ ઉજવે છે. નાના મોટા સૌ સાથે હળી મળી સુમેળથી, આનંદ ઉમંગથી, રીત રિવાજ સાથે પરંપારિક રીતે ઉજવાય એનું ધ્યાન રાખે છે. તો નાના બાળકો વેકેશનની મોજ અભ્યાસનો બોજ રાખ્યા વગર વિવિધ મીઠાઈ પકવાનો આરોગી મોજ માણે છે. દિવસ રાત આતશબાજી કરી આનંદ કરે છે. પરિવારની મહિલાઓ વિશેષ ધર્મ ધ્યાન, દેવ-દર્શન સાથે ઘર આંગણામાં દીપમાળા પ્રગટાવી, રંગોળી કરી, શુભ-લાભ અને ભલે પધાર્યાના સૂત્ર લખી મહાલક્ષ્મી પધારી પરિવારમાં સ્થિરતા કરે એવી ભાવના વ્યક્ત કરે છે.

ભારતીય સંસ્કૃતિના ઉત્સવોનો મર્મ સર્વે સુખીના સન્તુ સર્વે સન્તુ નિરામયની ભાવના વ્યક્ત કરે છે. વંચિતો, જરૂરતમંદો પણ ઉત્સવ ઉજવી શકે એ માટે આપણે તેને મદદરૂપ થઈએ. નાના બાળકો પણ અત્યારથી જ આ સંસ્કારો ધરાવી ઉત્સવ ઉજવણીનો સૌને મદદરૂપ થઈએ. નાના બાળકો પણ અત્યારથી જ આવા સંસ્કારો ધરાવી ઉત્સવ ઉજવણીઓ આનંદ માણે. તહેવારોની ઉજવણીની મધુરતા સૌ સાથે પ્રેમ આદર, સ્નેહના દીપક પ્રગટાવી ઉજવાય. તેનો આનંદ અનેરો હોય છે. એની પ્રતીતિ સૌને થાય એ દિવાળી પર્વનો મર્મ છે. પ્રકાશ માત્ર બ્રાહ્મરૂપે નહીં. આંતરિક પથરાય એ જરૂરી છે.

સૌ જ્ઞાતિજનોને દીપાવલીની શુભેચ્છા.

- જય જ્ઞાતિમૈયા

# સંગનો રંગ

માણસ માત્રમાં મૂળભૂત રીતે ભલાઈની ભાવના હોય છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. આપણે એક બીજા પર અવલંબિત હોઈએ એ સહજ છે. દરેક સંબંધ આપણે કાળજીપૂર્વક જાળવીએ છીએ. પરિવારમાં રહેતા દરેકે દરેક નાનો મોટો જણા જો એક બીજાની સંભાળ જાળવણી જતન ન કરે તો પછી એ સદ્વ્યવહાર ન ગણાય. અરસ પરસ લાગણીથી બંધાઈએ. એકબીજા સાથે સારો વ્યવહાર કરીએ એ સાથે હોવાનો ભાવ જગાવે છે. કોઈના દુઃખ કષ્ટમાં કાળજી બતાવીએ. તેને સધિયારો આપીએ એ સંબંધ જાળવવા માટે જરૂરી છે. આપણી સાથે લોકો સારો વર્તાવ કરે એવું ઈચ્છતા હોઈએ તો આપણે પણ લોકો સાથે સારી રીતે વર્તન કરવું જોઈએ. આ પરસ્પર જળવાતો વ્યવહાર છે. આ સમજણ એક મોટી અસ્તિત્વ ટકાવી રાખતી રણનીતિ છે. જેથી એકબીજા સાથે મૂલ્યવંત રીતે જોડાઈએ છીએ.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પ્રત્યેક માનવીનું અંતિમ ધ્યેય આનંદિત જીવન વ્યતીત કરવાનું હોય છે. જેના માટે જરૂરી છે. આપણા સાથી-સંગાથી-મિત્ર કોણ છે. આપણા વડીલો કહી ગયા છે કે જેવો સહવાસ હોય એવી બુધ્ધિ હોવાની. આપણે કોણ છીએ એ પહેલાં આપણી સંગત કોની સાથે છે એ અગત્યની વાત છે. જેથી જીવનને એવી સંગતથી દિશા અને દશા મળે છે. કારણ કે આપણું અંતિમ લક્ષ્ય જીવનમાં સદૈવ પણે સુખ અને શાંતિ રહે એ હોય છે. દુઃખ એટલે નિવૃત્તિ અને સુખ એટલે પ્રાપ્તિ. સુખ એટલે શારીરિક અને ભૌતિક સુખ. જે પ્રાપ્ત થવાથી શાશ્વત આનંદ મળે. આધ્યાત્મિક સુખ મળે. ચિંતા જેમ મોટી માનસિક તાણ આપે છે. જેના થકી શરીરના પ્રત્ય અંગો પીડા ગ્રસ્ત થઈ જાય છે. પણ માનસિક શાંતિ માનસિક હર્ષ આનંદ સ્વર્ગની અનુભૂતિ કરાવે છે.

સમગ્ર જીવનને ઝળહળતું, તેજસ્વી દિવ્ય બનાવવા માટે ગાઢ નેમ જોઈએ. એક અડગ ધ્યેય કરવું જોઈએ. જેથી જીવનમાં વ્યાપ્ત અંધકારને મિટાવી ઉજાસની પ્રાપ્તિ થાય. સુખ-આનંદ માટે ગરજુ બનવું નહીં પણ પરગજુ બનવું જોઈએ. આપણે કેવળ આપણી સુખ-શાંતિ માટે સ્વાર્થી ન બનવું પણ સૌ સુખી સંતોષી અને કલ્યાણ લાભ અનુભવે એ પ્રકારે પરમાર્થી બનવું જોઈએ. પ્રફુલ્લિત ફૂલથી સમગ્ર વાતાવરણ મહેંકી ઉઠે છે. અતરનું એક ટીપું જમીન પર ઢોળાય તો પણ અમુક સુધી સુગંધ પ્રસરે છે. એવી મહેક પરમાર્થી ભાવથી ફેલાય છે. માંહે પડેલી મલીનતાને ચોખ્ખી કરી, અંતરાત્મા માંજીને મન પ્રફુલ્લિત કરીએ તો આપણું મન શીતલ થશે સાથો સાથ આપણી આસપાસ રહેતાં વસતા લોકોને પણ શીતળતા પહોંચશે. સદ્ભાવથી સજ્જનતાથી અનેકના મન જીતવાનો આ રાજમાર્ગ છે. સ્વચ્છભાવથી શુધ્ધ મનથી ખંતથી કરેલું કોઈપણ કાર્ય દીપી ઊઠવાનું છે. ઉમદા વ્યક્તિની સંગત-જીવનને પોઝિટીવ રંગત આપશે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# નલિયા મધ્યે મુમુક્ષુ કુ. જિનલબેનનો વરસીદાનનો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો



શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન શ્રી નલિયાના ઉપક્રમે મુમુક્ષુ કુમારી જિનલબેનનો વરસીદાનનો વરઘોડો પ.પૂ. સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ ની શુભપાવન નિશ્રામાં વાજતે-ગાજતે નીકળ્યો હતો. નલિયા એસ.ટી. બસ સ્ટેશનથી નલિયાની મુખ્ય બજાર અને મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઇ આ વરસીદાન વરઘોડો ઉપાશ્રયે પહોંચ્યો હતો. શણગારેલી બગીમાં બેઠેલા મુમુક્ષુ જિનલબેને વરસીદાન કર્યું હતું.



# નલિયા મધ્યે મુમુક્ષુ કુ. જિનલબેનનો વરસીદાનનો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો



વરઘોડામાં નલિયા મહાજન અધ્યક્ષ મુલચંદભાઇ મોતા, જુગલ નાગડા, રાજેશ મોતા, જયાબેન પીર, કલ્પેશભાઇ મોતા, કચ્છ એકમનાં મંત્રી લહેરચંદભાઇ ખોના, ઉપપ્રમુખ પ્રબોધ મુનવર, દિલીપ મોતા, હરીશ લોડાયા, કિરણ મોતા, સોમચંદભાઇ મોતા, નલિયા વેપારી આગેવાનો, નલિયાનાં દરેક સમાજનાં આગેવાનો, શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. નલીયા બજાર ચોકમાં પ્રબોધ મુનવરે વરસીદાનનું મહત્વ સમજાવ્યું હતું.

ઉપાશ્રયે પૂજ્ય સાધ્વીશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં સંયમમાર્ગનો અનેરો મહિમા સમજાવ્યો હતો.

બપોરે સાધર્મિક ભક્તિ માતુશ્રી કેસરબેન ટોકરશીં શીવજી સાવલા નવાવાસ હાલે કાંદીવલી પરિવાર દ્વારા યોજાએલ.

મુમુક્ષુ કુમારી જિનલબેન માતા અ.સૌ. દિપાલીબેન પિતા રવીન્દ્ર નરશી લોડાયા મુળ ગામ નલિયા હાલે ચોપડા (મહારાષ્ટ્ર) જેઓ માગસર સુદ-૧૧ નાં મૌનએકાદશી દિને ચાલીસ ગામ મહારાષ્ટ્ર મધ્યે પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની ગુરૂનિશ્રામાં સંસારનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરશે.





# Anumodana

## Consolidated Sanjivani Cases - 153-154-155

No. 153 :- Name: Mr. Thavir Thakarshi Shah, Age : 39 yrs. Village: Kothara (Navsari)

No. 154 :- Name: Baby of Kinjal Vishal Nagda (Female), Age : 18 Days. Village: Jakhau (Pune)

No. 155 :- Name: Mr. Somil Hirji Lodaya, Age : 52 yrs. Village: Arikhana (Ghatkopar)

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 45,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 2,25,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 30,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 15,000.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 15,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Coimbatore | 15,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Hyderabad | 9,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 7,500.00 |
| Shri KDO jain Gnati Mahajan, Ahmedabad | 6,000.00 |
| Shri Kutchi Dasa Oswal Jain Mahajan - Tera | 6,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Kolkatta | 6,000.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 5,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 5,000.00 |
| Shri KDO Jain Paschim Ekkam | 3,000.00 |
| M/s. HD Fire Protect Pvt. Ltd. | 1,50,000.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 75,000.00 |
| Shree Tekuladhu Jain Yuvak Sangh, Mumbai | 6,000.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd, Mr. Kirti Dhanji Dharamshi, Bangalore | 6,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher ( A Silent Donor) | 5,03,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav - Ghatkopar | 50,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 45,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, kothara - Bangalore | 30,000.00 |
| Shri Rupesh Motichand Lalji Khona, Naliya - Mulund | 30,000.00 |
| Shri Raichand Malshi Motta, Kuvapadhar - Salem | 25,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 24,000.00 |
| Shri Dnyanesh Chimanlal Dagha, Varadiya - Pune | 15,000.00 |
| Matushri Jayaben Motilal Lodaya Parivaar, Moti Khavdi - Ghatkopar | 15,000.00 |
| Shri Vihaan Pratik Dand, Manjal Reladia | 15,000.00 |
| Shrimati Pushpaben Hansraj Khona, Vapi | 15,000.00 |
| Shri Prashant Dagha | 15,000.00 |
| Shrimati Beena Padamkumar Poladia, Dumra - Ghatkopar | 15,000.00 |
| Shri Yash Dhirish Dharamshi, ( H: Yogitaben), Kothara - Bijapur | 15,000.00 |
| Matushri Vasantiben Navinchandra Narshi Khona Parivar, Naliya - Ghatkopar | 15,000.00 |
| Shri Karan Girish Meisheri | 12,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 10,000.00 |
| Shri Lalit Pravin Dharamsey, Mulund | 10,000.00 |
| Shrimati Melissa Lalit Dharamsey, Mulund | 10,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 10,000.00 |

| | |
|---|---|
| Shri Khushal Padamshi Lalka, Bandhiya - Pune | 9,000.00 |
| Shri Deepesh C. Shah | 6,000.00 |
| Matushri Taraben Hirji Nagda, Naliya - Vadodara | 5,001.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 5,000.00 |
| Shri Siddharth Lodaya | 5,000.00 |
| M/S. Active Cargo Movers, Gandhidham | 5,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 5,000.00 |
| Matushri Ratanbai Bhavanji Lodaya ( Chintan Graphics), Ghatkopar | 5,000.00 |
| Shri Paresh Keshavji Nagda, Jakhau - Pune | 5,000.00 |
| Shri Girish Narshi Shah | 5,000.00 |
| Shrimati Bhavna Khushal Maheshwari, Jakhau - Pune | 5,000.00 |
| Shri Tanishq Nitin Nagda, Lala - Indore | 5,000.00 |
| Shrimati Sarlaben Lalji Lodaya, Varapadhar - Dombivli | 4,000.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 3,003.00 |
| Well Wisher | 3,000.00 |
| Shrimati Vaishali Lalit Shah, Varapadhar - Hyderabad | 3,000.00 |
| Shri Dilip Dungarshi Lapasiya, Daltungi - Mulund | 3,000.00 |
| Shri Anil Bhavanji Dharamshi, Bayath - Bhandup | 3,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 3,000.00 |
| Shri Hitesh Dinesh Khona, Suthari - Bhandup | 3,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 3,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 3,000.00 |
| Shri Mahesh Khimji Lalka, Adipur - Varapadhar | 3,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Varapadhar - Ghatkopar | 3,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 2,100.00 |
| Well Wisher | 1,500.00 |
| Kumari Ritvi _ Dharmita Anuj Lodaya , Rava - Dombivli | 1,500.00 |
| Shri Jesal Chandrakant Dand ( Jain ), Gandhidham | 1,500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Gandhidham | 1,500.00 |
| Shri Hardik Jayantilal Nagda, Gandhidham | 1,500.00 |
| Shri Pomesh Hirachand, Momaya, Ghatkopar | 1,500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Varadiya - Malkapur | 1,500.00 |
| Matushri Javerbai Murjibhai Maisheri, Lala - Adipur | 1,100.00 |
| Shri Vastupal Tejpal Nagda, Gandhidham | 1,000.00 |
| Shrimati Priya Jitin Momaya, Hubli | 1,000.00 |
| Well Wisher | 606.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 500.00 |
| Shri Rohit Jivraj Poladiya | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# કેડીઓ ફોસ્ટેર કિડસ હુબલી દ્વારા સ્વસ્થ બાળક સ્પર્ધા સાથે ફિઝિયોથેરપી સત્રનું આયોજન થયું






શ્રી કેડીઓ જૈન ઈંગ્લિંશ મિડીયમ સ્કૂલ યુનિટ ૨ કેશવપુરા બ્રાન્ચ હુબલી દ્વારા કેડીઓ ફોસ્ટેર કિડસ ૧૦૦% સ્માર્ટ સ્કૂલમાં hashtag_siso સાથે મળીને શાળાના ૪૦ જેટલા બાળકો અને તેમના માતા પિતા સાથે સ્વસ્થ બાળક સ્પર્ધા અને ફિઝિયોથેરપી સત્રનું આયોજન કરાયું હતં.

નાના નાના બાળકોએ ડાન્સ, ક્રેયન્સ સ્ક્રીબલ, આર્ટ અને ફિઝીકલ ગેમ્સ જેવી ઘણી બધી મનોરંજક પ્રવૃત્તિઓ કરી આનંદ માણ્યો, આનાથી ડોક્ટરોને બાળકોની શારીરિક વૃધ્ધિ તપાસણીમાં મદદ મળી હતી.

બાળકોની વિવિધ આરોગ્ય તપાસ માટે અને તેનું ઉચિત મૂલ્યાંકન કરવા માટે શહેરના સુપ્રસિદ્ધ બાળરોગ નિષ્ણાત ડૉ. સતીશ ગોયલ અને એક્ષ્પર્ટ ફિઝિયોથેરાપિસ્ટ ડૉ.દીપ્તિ ગોખલે સેવામાં હાજર હતા. લગભગ ૮૦ જેટલા બાળકો અને તેમના વાલીઓ આ સત્રનો લાભ લીધો હતો.



# શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલી દ્વારા ૨૮મો નવરાત્રી ઉત્સવની ઉજવણી કરાઈ





શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલી દ્વારા પરંપરાગત રીતે ૨૮મો નવરાત્રી ઉત્સવ તા.૩ ઓક્ટોબર ગુરૂવારથી તા.૧૨ ઓક્ટોબર શનિવાર સુધી શાંતિલાલ રામજી લાલકાના નિવાસ સ્થાને હર્ષોલ્લાસ સાથે પૂર્ણ થયેલ. દરરોજ ભાવિક ભક્તજનો બહોળી સંખ્યામાં પધારી રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન ભાવપૂર્વક ભક્તિગીતોની રમઝટ બોલાવી હતી.



ભક્તિ ભાવનાની મધ્ય સમયમાં સરપ્રાઈઝ પ્રશ્નો તથા 'જરા ભેજું કસી જુઓ' ના પ્રશ્નો પૂછી દરરોજ ૧૦ વિજેતાઓને નેવિલ નારાણજી લોડાયા તરફથી અવનવી ભેટો આપવામાં આવેલ. પધારેલ સૌ ભક્તજનોએ દરરોજ વિવિધ પ્રસાદ પ્રભાવનાનો લાભ લીધેલ. ભાવના બાદ કે.ડી.રેસીડેન્સી પરિવારના સહુ સભ્યો રાસ ગરબાનો ભરપૂર આનંદ માણ્યો હતો.

તેરા-ન્યૂયોર્કના ચિ. આદી નીલમ લોડાયાએ પોતાના ૧૨મા જન્મદિવસ નિમિત્તે અષ્ટમીની આરતીનો લાભ ૨૦૦૭ ધૃત મણમાં લીધેલ. પરિવારના વડીલ પ્રફુલ્લ તેજપાર મોતા તેરા-હુબલીએ આરતીનો લાભ લીધેલ.

વિજ્યાદશમીના દિવસે સવારે જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં હાજરી આપી આરતીનો ધન્ય લાભ લીધેલ. ત્યારબાદ શ્રીમતી જયશ્રીબેન પૃથ્વીરાજ ઝવેરી તરફથી રાખવામાં આવેલ અલ્પાહારનો લાભ લઈ સહુ છુટા પડ્યાં હતાં.



# શ્રી જિનેન્દ્ર ભક્તિ સમર્પિત કચ્છ અબડાસા-કંઠી પ્રદેશની તીર્થ યાત્રા ચૈત્ય પરિપાટી યોજાઈ





અખિલ ભારતના સમગ્ર જૈન સમાજના સર્વે સંપ્રદાય, ગચ્છ, સમાચારીને એક છત્ર હેઠળ આવરી લેતી ૪૦૦ યાત્રિકોની નિઃશુલ્ક તીર્થ યાત્રા પ્રવાસ ચૈત્ય પરિપાટી સંઘ માતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા વારાપધ્ધર-કલ્પતરૂ પરિવાર દ્વારા તા.૧૯ ઓક્ટોબર શનિવાર તથા તા.૨૦ ઓક્ટોબર રવિવાર દરમ્યાન બે દિવસની યોજાઈ.

જેમાં કચ્છ અબડાસા-કંઠી પ્રદેશના ૧) શ્રી ભદ્રેશ્વર તીર્થ ૨) શ્રી ૭૨ જિનાલય ૩) શ્રી શેરડી તીર્થ ૪) શ્રી શિવમસ્તુ તીર્થ ૫) શ્રી દેઢિયા તીર્થ ૬) શ્રી સુથરી મહાતીર્થ ૭) શ્રી સાંધાણ તીર્થ ૮) શ્રી કોઠારા તીર્થ ૯) શ્રી જખૌ તીર્થ ૧૦) શ્રી તેરા તીર્થ અને ૧૧) શ્રી નલિયા તીર્થનો સમાવે કરાયેલ. વચ્ચે સમય અનુકૂળતા હોવાથી યાત્રા પ્રવાસ માર્ગે વચ્ચે આવતા વરાડીયા તીર્થની પણ સૌભાગ્યપૂર્ણથી યાત્રા કરેલ.

યાત્રા પ્રવાસનું આયોજન શ્રી જિનેન્દ્ર ભક્તિ સમર્પિત ચૈત્ય પરિપાટીએ કરેલ હતી. જેની વ્યવસ્થાપક સમિતિમાં અધ્યક્ષ મહેન્દ્રભાઈ મેઘજી મોતા-વારાપધ્ધર, અ.સૌ.મનીષાબેન હરેશ મોમાયા-સાંયરા સંયોજક હરેશભાઈ ખીમજી-સાંયરા, સહ સંયોજક ભાવેશભાઈ રતિલાલ મોતા-કુવાપધ્ધર, મુખ્ય માર્ગદર્શક રમેશભાઈ હીરજી લોડાયા-સુથરી-મંજલ રેલડીયા અને લહેરચંદભાઈ આણંદજી દંડ-પરજાઉ હતા.


॥ દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥

॥ વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ॥

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

● **સંપર્કઃ મેનેજર -** ભરતભાઈ દંડ - **9929917712**

**સૌજન્ય : મોતા રિયલ્ટર્સ એલએલપી**

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચકેશ્વરી-મહાકાલીદેવ્યે નમઃ ||

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

**શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ**

ગીતા સ્મૃતિ, ૭૦૬, શાંતિ હાઈટસ્, શ્રી નારાણજી શામજીવાડીની સામે,
ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ- ૪૦૦ ૦૧૯.

# સં. ૨૦૮૧ના અચલગચ્છીય પંચાગ

## (તિથિ પત્રિકા)

સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. દ્વારા તૈયાર થયેલ, શ્રી સંઘ પ્રકાશિત
સં. ૨૦૮૧ (ઈ.સ. ૨૦૨૪/૨૫)ના અચલગચ્છીય પંચાગ (તિથિ પત્રિકા) ચાતુર્માસ
બિરાજમાન પૂજ્યશ્રીઓને જે તે સંઘમાં કુરીયર મારફતે મોકલવામાં આવેલ છે.

**શ્રી સંઘના આરાધકોને વિનંતી આપ જે સંઘમાં આરાધના કરતા હો ત્યાંથી મેળવી લેવા.**

કચ્છના સંઘો/મહાજનો માટે કચ્છ ૭૨' જિનાલય તીર્થે મોકલવામાં આવેલ છે,
ત્યાંથી આપની જરૂરીયાત પ્રમાણે મંગાવી લેવા વિનંતી.
અન્ય સંઘો / મહાજનોને પોતાની જરૂરીયાત પ્રમાણે નકલો લેટરહેડ
ઉપર લખીને નીચેના શ્રી સંઘના કાર્યાલયથી મેળવી લેવા વિનંતી.

**શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ**
ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મું.૯. • સમય સવારે ૧૨ થી ૬

**સંપર્ક : 7020425835 / 9870345885**

સં. ૨૦૮૧ના પંચાગ પ્રકાશનના લાભાર્થી

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ**
**શ્રી અનંતનાથ ટ્રસ્ટ**
આપના સુકૃતની અનુમોદના....

લિ. શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ-માનદ્ મંત્રીઓ

K.V.O. - P - 8104209392

# શ્રી વરાડીયા સંઘમાં શ્રી જિનેન્દ્ર ભક્તિ સમર્પિત ચૈત્ય પરિપાટીના યાત્રિકોનું ભવ્ય સ્વાગત કરાયું





વરાડીયામાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.ની તથા શ્રી વરાડીયા મહાજનની આગ્રહ ભરી વિનંતી સ્વીકારી યાત્રા પ્રવાસમાં અનુકુળ સમય કાઢી તા.૧૯ ઓક્ટોબર શનિવારના ૪૦૦ યાત્રિકો વરાડીયા પધાર્યા ત્યારે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ. પૂજ્ય સાહેબજીના વ્યાખ્યાન બાદ સંઘમાતા પરિવારજનોનું વરાડીયા મહાજન દ્વારા બહુમાન થયેલ. વ્યવસ્થાપક સમિતિની દ્વારા વરાડીયાના ઉપસ્થિત ટ્રસ્ટીઓ સર્વ શ્રી દીપક ગંગાજર ડાઘા, પદમ લાલજી લોડાયા તથા નલિન રતનશી ડાઘાનું બહુમાન કરેલ.

શ્રી વરાડીયા મહાજન તરફથી રૂા.૨૦નું સંઘપૂજન તથા ૧૦૦ ગ્રામ વરાડીયાના પ્રખ્યાત ગાંઠીયાના પેકેટ ભેટ અપાયેલ.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી નવેમ્બર- ડીસેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન વારાપધર સ્થાને. |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમિક્ષા શતાબ્દી નિમિત્તે સન્માન સમારોહ સવારે ૧૦.૦૦ થી બપોરે ૩.૦૦ ક. : શ્રી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા |
| તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌ વાસીઓનું સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ : દિક્ષા મહોત્સવઃ ભાંડુપમાં |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪, | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |

# ફુલ ખીલે ગુલશન ગુલશન



**જૈનમ**

દંડ પરિવાર

માતા - રૂપાલી

પિતા - લકી

જન્મ - ૧૬-૦૯-૨૦૨૪



**થીયા**

દંડ પરિવાર

માતા - લીસુ

પિતા - દેવાંગ

જન્મ - ૧૮-૦૯-૨૦૨૪





**દક્ષિત**

મૈશેરી પરિવાર

માતા - અમૃતા

પિતા - ડેની

જન્મ - ૧૭-૧૦-૨૦૨૪



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**વિણાબેન મૈશેરી**

તા.૨૧ ઓક્ટો. (ઉ.૬૯)

સાંધાણ-માટુંગા



**હીરાલાલ મુનવર**

તા.૨૧ ઓક્ટો. (ઉ.૯૦)

જખૌ-કોઠારા



**જ્યોતિબેન ધરમશી**

તા.૨૪ ઓક્ટો. (ઉ.૭૩)

છાદુરા-હુબલી



**પ્રેમીલાબેન નાગડા**

તા.૨૬ ઓક્ટો. (ઉ.૮૬)

વારાપધ્ધર-ઘાટકોપર



**ચેતનાબેન ધરમશી**

તા.૨૫ ઓક્ટો. (ઉ.૪૮)

કોઠારા-ગોરેગાંવ



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● ભારે પવન સાથે અતિ વરસાદના માર ઝીલેલ અસરગ્રસ્ત તાલુકા અબડાસાની મુલાકાત પ્રભારી મંત્રી પ્રફુલ્લભાઈ પાનેસેરિયાએ નાગરિકોને આશ્વાસન આપતાં સરકાર તમારી પડખે હોવાની હૈયાધારણા આપી. તમામ નુકસાનીનો સર્વે કરી વળતર આપવામાં આવશે તેની જાહેરાત કરી હતી. ગંદકીના લીધે રોગચાળો ન ફેલાય તેમજ ખોરવાયેલા વીજ પુરવઠાને તાત્કાલિકપણે કામગીરી શરૂ કરી દેવાની ઘોષણા કરી હતી.

● ઓસ્ટ્રેલિયા સામે વન ડે અને ચાર દિવસીય મેચોની શ્રેણી માટેની ભારતની અંડર ૧૯ ટીમમાં ગાંધીધામના વિકેટ કીપર બેટરમેન હરવંશસિંઘ પંગલિયાની પસંદગી થઈ છે. પિતા સાથે અઢી વર્ષની ઉંમરે ક્રિકેટ રમવાનું શરૂ કરનાર ત્યારબાદ શેરીમાં મેચ રમ્યો. છ વર્ષના ઉંમરે કેડીઆરસીએ ખાતે કોચિંગ લેવાનું શરૂ કર્યું. સઘન તાલીમ મેળવી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની ટીમમાં પસંદગી થયો અને ભારતીય ટીમના શ્રેષ્ઠ ખેલાડી બની અંડર ૧૯ વર્લ્ડ કપ જીતાડવાની ઈચ્છા સાથે તેની ક્રિકેટ પ્રત્યેની ધગશએ દેશની ટીમમાં સ્થાન આપ્યું છે.

● કળિયુગના કર્ણ અને ભામાશાના નામે ઓળખાતા કચ્છ તેમજ આફ્રિકા-મોમ્બાસામાં બબે હાથે ધનની સરવાણી વહેડાવનાર હસુભાઈ કાનજીભાઈ ભુડીયા હાર્ટ ફેઈલ થવાથી નિધન થતા માદરે વતન તેમજ કર્મભૂમિ મોમ્બાસામાં લોકો ચોધાર આંખે રડી પડ્યાં હતાં. તેમના પાર્થિવ દેહની અંતિમ પાલખીયાત્રામાં કેન્યાના રાષ્ટ્ર પ્રમુખ, યુગાન્ડાના રાષ્ટ્રપ્રમુખ સહિત સરકારના મંત્રીઓ કણબી સમાજના અગ્રણીઓ, વિવિધ ધર્મના, સંતો, ભક્તો, હબસી મહિલા પુરૂષો આક્રંદ કરતા જોડાયા હતા. પ્રતિ વર્ષ ૫૦૦ કરોડની સખાવત કરનારા તેઓ પ્રથમ કચ્છી ઉદ્યોગપતિ હતા. જ્ઞાતિ સમાજના શૈક્ષણિક વિકાસ માટે ૧૧૪ કરોડ, યુગાન્ડામાં ૧૦૮ કરોડ, મોમ્બાસામાં ૯૦ કરોડ અમદાવાદ સમાજ માટે ૫૩ કરોડ અને સ્થાનિક આફ્રિકનો માટે પ્રતિ વર્ષ ૨૦૦ કરોડનું દાન આપતા રહ્યાં હતાં. સમગ્ર કચ્છી કણબી સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ સંસારીને પાલખીયાત્રાનું માન અપાયું છે. પાલખીના કારણે મોમ્બાસાના સ્થાનિકો પોતાના પાલનહારનું ભાવ સાથે સ્પષ્ટ દર્શન કરી શક્યા અને દેશ દુનિયામાં જીવંત પ્રસારણથી સૌએ હસુભાઈ ભુડીયાને તાદ્દશ જોઈ અંતિમ અંજલિ આપી શક્યા હતા.

● કચ્છમાં વાવાઝોડા સાથે વરસેલા એકધારા વરસાદથી પશુધનને મોટું નુકશાન થયાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. જિલ્લામાં ૨૩ લાખ જેટલું પશુધન છે જેમાંથી હાલમાં વાવાઝોડા-વરસાદથી ૨૫૦૦ થી વધુ પશુઓના મોત થયા હોવાનું સામે આવ્યું છે. સૌથી વધુ અબડાસામાં ૧૩૦૦ થી ૧૪૦૦, માંડવીમાં ૯૮૪ જેટલા ગાય, ભેંસ, બળદ, ઘેટાં બકરાં સહિતના પશુધણનો સમાવેશ થાય છે. પશુ મરણનું સર્વેક્ષણ કરવા ૩૧ ટીમો કામગીરી કરવા ઉતરી છે. વીડિયોગ્રાફી, ફોટોગ્રાફી સાથે ચોક્કસ માહિતી એકત્ર કરી ઉપલી લેવલે પહોંચાડાશે. સાથો સાથ પશુ સારવાર અને રસીકરણનું કાર્ય હાથ ધરાયું છે. જે માટે બે પશુધન નિરીક્ષક અને ૮ વેટરનરી ઓફિસરની નિમણૂંક તાલુકા વાઈઝ કરાઈ છે.

● ગયા વર્ષની જેમ ફરી અબડાસાના કેટલાક ગામોમાં ગૌવંશમાં લમ્પી જેવા જ લક્ષણો જોવા મળતાં અને ક્યાંક ગૌજીવોના મોત થતાં હોવાની ફરિયાદ ઉઠતા આગેવાનો તથા માલધારીઓએ ચિંતા વ્યક્ત કરી છે. અબડાસા તાલુકાના ગરડા પંથકના ગામોમાં ઉપરાંત ખાનાય સહિતના ગામોમાં પશુઓમાં ગાંઠ જોવા મળે છે અને અશક્ત બની ગયા બાદ મોતને ભેટે છે. બીજી બાજુ ભારે વરસાદથી જમીનમાંથી સન સતત વહ્યા કરે છે જેના કારણે પશુઓના પગ સતત પાણીમાં રહેતા હોવાથી ક્યાંક ઈન્ફેક્શન થતું હોય છે અને ઝટ રોગના શિકાર થાય છે તેવી માહિતી સામે આવી છે જે લોકોમાં ચિંતા પ્રેરે છે. આથી તાત્કાલિક રસીકરણ કરવાની માંગ ઉઠી છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA